2017

Government of India
Ministry of Human Resource Development

Educational Survey Division
राष्ट्रीय शैक्षिक अनुसंधान और प्रशिक्षण परिषद्
NATIONAL COUNCIL OF EDUCATIONAL RESEARCH AND TRAINING
Sri Aurobindo Marg, New Delhi 110 016
Visit us at : http://www.ncert.nic.in

सर्व शिक्षा अभियान
सब पढ़ें सब बढ़ें

# National Achievement Survey

Class **5**

# Achievement Test

| Test Form No. | Medium of Instruction | Gujarati |
|---|---|---|
| 51 | | |

<< TO BE FILLED IN BY TEACHER >>

**UDISE School Code** | | | | | | | | | | | |

**Area Code**
1 Rural
2 Urban

**Student Aadhaar Number** | | | | | | | | | | | | |

**School Management**
1 Govt.
2 Govt.-aided

**Student Gender**
1 Boy
2 Girl

**Social Group**
1 SC
2 ST
3 OBC
4 General

**CWSN**
*(Children with Special Need)*
1 Yes
2 No

Student Name

School Name

District Name

State Name

ફિલ્ડ ઈન્વેસ્ટીગેટર માટેની સૂચના

(કસોટી શરૂ કરતા પહેલા નીચેની સૂચનાઓ કાળજીપૂર્વક વાંચો.)

1. UDISE શાખા કોડ, વિસ્તાર (ગ્રામ્ય-1, શહેર-2), શાળાનો પ્રકાર (સરકારી-1, ગ્રાન્ટેડ-2), વિદ્યાર્થીઓનો આધાર નંબર, વિદ્યાર્થીની જાતિ (કુમાર-1, કન્યા-2) સામાજિક જૂથ (SC-1, ST-2,OBC-3, General-4), વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકો (હા-2, ના-2), વિદ્યાર્થીનું, શાળાનું, જિલ્લાનું અને રાજ્યનું નામ લખો.
2. પસંદ થયેલ તમામ વિદ્યાર્થીઓને ત્રણ વિભાગમાં વહેંચીએ.
3. એક ટેસ્ટ ફોર્મ વિદ્યાર્થીઓના એક જુથને આપો.
4. કસોટીપત્ર વહેંચતા પહેલા શાળાના રજીસ્ટર કે શિક્ષકની મદદથી પ્રથમ પેઈજ પરની વિગતો ભરો.
5. તમામ વિગતો ભરવી ફરજિયાત છે અને અંગ્રેજીમાં જ હોવી જરૂરી છે. તમામ કોડ આંતરરાષ્ટ્રીય અંકોમાં લખો. જેમકેઃ 1,2,3....
6. દરેક વિદ્યાર્થી પોતાની જગ્યા પર આરામદાયક રીતે બેઠા છે તેની ખાતરી કરો.
7. વિદ્યાર્થીઓના તેમના પેન્સિલ, રબર બહાર કાઢવા અને તે તૈયાર રાખવા જણાવો.
8. વિદ્યાર્થીઓને કસોટીપત્રો આપો. વિદ્યાર્થીઓને જ્યાં સુધી કહેવામાં ન આવે ત્યાં સુધી તે ન ખોલવા જણાવો.
9. વિદ્યાર્થીઓને આ મુજબ માર્ગદર્શન આપો. "આપેલા વિકલ્પોમાંથી પ્રશ્નોનાં જવાબો શોધો. સાચા વિકલ્પ પર વર્તુળ કરો."
10. નીચેનું ઉદાહરણ બોર્ડ પર લખીને બતાવો અને તેનો જવાબ કઈ રીતે આપવો તે સમજાવો.

પ્રશ્નઃ આપેલી સંખ્યા ૩૬, ૨૮,૪૧ અને ૫૯ માંથી સૌથી મોટી સંખ્યા કઈ છે?

A. ૩૬

B. ૨૮

C. ૫૯

D. ૪૧

11. ફિલ્ડ ઈન્વેસ્ટીગેટરે વિદ્યાર્થીઓને કહેવાનું છે કે તેઓએ માત્ર એક જ સાચા વિકલ્પ પર વર્તુળ કરવાનું છે.
12. વિદ્યાર્થીઓને આ મુજબ સૂચના આપો. "પ્રથમ પાનું ખોલો, પ્રશ્ન નંબર-1 જુઓ. તમારે દરેક આપેલો ફકરો મનમાં વાંચવાનો છે." ભાષાનું કસોટીપત્ર (પ્રશ્ન ૧ થી ૧૫)
13. ફિલ્ડ ઈન્વેસ્ટીગેટરે વિદ્યાર્થી એક પ્રશ્ન પરથી બીજા પ્રશ્ન તરફ આગળ વધે તે જોવાનું છે.

14. વિદ્યાર્થીઓને આપેલ ફકરો, જાહેરાત, પોસ્ટર અથવા કેલેન્ડર મનમાં વાંચવા કહો.
15. ફિલ્ડ ઈન્વેસ્ટીગેટરે આ ફકરા મોટેથી વાંચવાના નથી.
16. વિદ્યાર્થીઓ જ્યારે વાંચવાનું પૂર્ણ કરે ત્યારબાદ તેમણે વિકલ્પો સહિત એક પછી એક પ્રશ્નો વાંચવાના છે.
17. પ્રત્યેક પ્રશ્નનાં સાચા વિકલ્પ પર વર્તુળ કરો.
18. ફિલ્ડ ઈન્વેસ્ટીગેટરે કસોટી લેવામાં બિનજરૂરી ઉતાવળ કરવાની જરૂર નથી.

પર્યાવરણ (પ્રશ્ન ૧૬ થી ૩૦) અને ગણિત (પ્રશ્ન ૩૧ થી ૪૫) ની કસોટી

19. વિદ્યાર્થીઓને આ મુજબ માર્ગદર્શન આપો. “આપેલ વિકલ્પોમાંથી પ્રશ્નોનાં જવાબ શોધો. સાચા જવાબ પર વર્તુળ કરો.”
20. વિદ્યાર્થીઓને આ મુજબ માર્ગદર્શન આપો. “હું મોટેથી વાંચીશ, તમે બધા મારી સાથે મનમાં વાંચશો.”
21. પહેલો પ્રશ્ન ધીમે ધીમે મોટેથી વાંચો જેથી વિદ્યાર્થીઓ સમજી શકે. જરૂર જણાય તો ફરી વાંચો પણ એક જ વાર ફરી વાંચવું.
22. પ્રત્યેક પ્રશ્નનાં વાચનમાં અંદાજિત ૨૦ થી ૩૦ સેકન્ડનો સમય લેવો.
23. વિદ્યાર્થીઓને આ મુજબ માર્ગદર્શન આપો. “ હવે તમે તમારા પ્રશ્નપત્રમાં પ્રશ્નના સાચા વિકલ્પ પર વર્તુળ કરો.”
24. વિદ્યાર્થીને પોતાની રીતે જવાબ આપવા દો.
25. બીજા પ્રશ્ન પર જતા પહેલા વિદ્યાર્થીને પ્રશ્નને સમજવા અને જવાબ આપવા માટે ૪૫ સેકન્ડ જેટલો સમય આપો.
26. વિદ્યાર્થીઓને પ્રશ્નનો જવાબ શોધવા માટે કોઈ મદદ કે ઈશારો ન આપો.
27. વિદ્યાર્થીઓને આ મુજબ સૂચના આપો. “ હવે તમે હવે પછીના બીજા પ્રશ્ન પર ધ્યાન આપો અને તેનો જવાબ આપવા પ્રયત્ન કરો.”
28. ઉપરના માર્ગદર્શન મુજબ પ્રત્યેક પ્રશ્નનો જવાબ આપવામાં અંદાજિત ૨ મિનિટ જેટલો સમય લાગે છે.
29. એક પ્રશ્ન પછી બીજા પ્રશ્ન એમ તમામ પ્રશ્નો પૂરા કરવામાં આ જ રીત અપનાવો.
30. આ સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરવામાં ૯૦ મિનિટ જેટલો સમય લાગે છે.
31. કસોટી પૂર્ણ થયા બાદ બાળકો પાસેથી તમામ કસોટીપત્રો ભેગા કરી લો.
32. વિદ્યાર્થીઓનાં (UDISE) આઈ.ડી. ચડતા ક્રમમાં કસોટીપત્રો ગોઠવી દેવા.
33. ભેગી કરેલી કસોટીપત્રોની સંખ્યા વિદ્યાર્થીઓની સંખ્યા સાથે મળવી જોઈએ.

## ભાગ ૧ – નીચે આપેલી વાર્તા વાંચો.

### *એવરેસ્ટ પર ચઢાણ*

તેમના શરીરનું કાળજીપૂર્વક સમતોલન રાખતાં રાખતાં તેનસિંગ અને હિલેરી એવરેસ્ટ શિખર પર ચઢાણ કરી રહ્યા હતા. તેઓ થાકી ગયા હતા. પણ તેમણે હિંમત ગુમાવી નહોતી. તેઓ આગળ વધી રહ્યા હતા. ચાલતાં ચાલતાં સામે 12 મીટર ઊંચી શિલા જોવા મળી, જે એકદમ સીધી હતી. તેનસિંગે પગ ટેકવવા અને હાથનો સહારો લેવા બરફમાં ખાડા કર્યા. ખૂબ જ મુશ્કેલીથી અને અત્યંત સાવધાનીથી એક એક પગ ખાડામાં ટેકવીને તેઓ ઉપર ચઢયા. આખરે છેલ્લી શિલા ઉપર ચડતી વખતે તેમણે સીધી બાર મીટરની વિશાળ પહોળી શિલા જોઇ અને તેમના સંઘર્ષનો અંત આવ્યો. તે બંને એવરેસ્ટ શિખર ઉપર હતા. એવરેસ્ટ એ દુનિયાનું સૌથી ઊંચું શિખર છે. તેનસિંગ અને હિલેરીએ એકબીજા તરફ રોમાંચથી જોયું. તેમના હૃદયમાં આનંદ સમાતો ન હતો.

**પ્રશ્નોના ઉત્તર આપવા માટે સાચા વિકલ્પના ક્રમ ઉપર O ગોળ કરો.**

**૧. તેનસિંગ અને હિલેરી એવરેસ્ટ શિખર ઉપર ચઢી શક્યા કારણ કે તે બંને .........**

A) ખૂબ આનંદિત હતા

B) ખૂબ હિંમતવાળા હતા

C) ખૂબ ચિંતાવાળા હતા

D) ખૂબ જ થાકી ગયા હતા

**૨. એવરેસ્ટ શિખર વિષેની સૌથી મહત્વની બાબત કઈ છે ?**

A) એ એક ખતરનાક પહાડ છે.

B) તે દુનિયાનું સૌથી ઊંચું પર્વત શિખર છે.

C) તેનસિંગ અને હિલેરી એ શિખર પર ચઢયા હતા.

D) તેના ઉપર હંમેશાં બરફ જામેલો રહે છે.

**૩. તેનસિંગ અને હિલેરીને છેલ્લી શિલા પર ચડવામાં મુશ્કેલી કેમ પડતી હતી ?**

A) શિલા બિલકુલ સીધી હતી..

B) શીલાનો બરફ પીગળી રહ્યો હતો.

C) શિલા ઉપર ઘણા જ ખાડા હતા

D) શિલા ઉપર જંગલી પ્રાણીઓ હતા.

**૪. તેનસિંગ અને હિલેરી કેમ રોમાંચિત થઈ ગયા ?**

A) તે બંને એવરેસ્ટ શિખર પર પહોંચી ગયા હતા.

B) તેમણે બરફમાં ખાડા કરી લીધા હતા.

C) બંને ગાઢ મિત્રો હતા.

D) તેમણે એકદમ સીધી શિલા જોઈ.

**૫. ફકરાના આધારે ખાલી જગ્યા પૂરો.**

**તેનસિંગ અને હિલેરીનું હૃદય ............ ભરાઈ ગયુ હતું.**

A) આનંદથી

B) પીડાથી

C) થાકથી

D) દુ:ખથી

## ભાગ 2 – નીચે આપેલી વાર્તા વાંચો.

# લોભી શેઠ

એક હતા શેઠ અને એક હતી શેઠાણી. બંને સુખીસંપન્ન પણ ખૂબ લોભી. જ્યારે એમના ઘેર કોઈ મહેમાન આવે તો તેમને મોટી આફત આવી ગઈ હોય તેવું લાગે. એક વાર તેમના ઘેર બે મહેમાન આવ્યા. શેઠને ચિંતા થઈ. મહેમાનોને કાઢી મૂકવા તેમણે એક યુક્તિ વિચારી.

શેઠ ઘરમાં ગયા અને શેઠાણીને કહ્યું, “ સાંભળ, હું જ્યારે તારા પર ગુસ્સે થઈ જોરજોરથી બોલું એટલે તેના જવાબમાં તારે પણ બૂમબરાડા કરવાના. જ્યારે હું ઘરની

બહાર દોડું ત્યારે તારે વેલણ લઈને મારી પાછળ દોડવાનું, એટલે મહેમાનો સમજશે કે ઘરમાં ઝગડો થયો છે અને તે જતા રહેશે.

શેઠાણી સંમત થઈ અને બોલી, " સરસ, તમે કહ્યું એમ જ હું કરીશ.

થોડા સમય પછી ઘરમાં જઇ શેઠ જોરજોરથી શેઠાણી સામે બોલવા લાગ્યા. યોજના મુજબ શેઠાણી પણ બૂમબરાડા પાડવા લાગી. શેઠ ઘરની બહાર દોડ્યા, તેમની પાછળ શેઠાણી પણ હાથમાં વેલણ લઈને દોડી.

મહેમાનોએ અનુમાન કર્યું કે કંઈક માથાકૂટ તો છે. પણ એમણે વિચાર્યું કે શેઠ ભારે લોભી છે. કદાચ આપણને કાઢી મૂકવા એણે આ નાટક પણ કર્યું હોય. ચાલો આપણે ઘરમાં પહેલા માળે જઇને સૂઈ જઈએ. સાચી વાતની ખબર પડશે.

હવે તો મહેમાનો ચાલ્યા ગયા હશે, એવું માનીને થોડી વાર પછી શેઠ અને શેઠાણી ઘેર પાછાં આવ્યાં.

ઘેર મહેમાનો જોવા ન મળ્યા એટલે રાજી રાજી થતાં બોલ્યા, " સારું થયું આફત ટળી."

તેઓ બંને પોતપોતાનનાં વખાણ કરવા લાગ્યાં.

શેઠ બોલ્યા, " હું કેટલો બુદ્ધિશાળી છું, ઘેરથી કેવો દોડી ગયો."

એટલે શેઠાણી બોલ્યાં, " હું કેવી સ્ફૂર્તિથી તમારી પાછળ વેલણ લઈને દોડી.

ઉપરના મજલે સૂતેલા મહેમાનોએ એમની વાતચીત સાંભળી પછી બોલ્યા, "અમે કેવા ચાલાક છીએ કે પહેલા માળે જઇ આરામ કરી રહ્યા છીએ."

નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર આપવા માટે સાચા વિકલ્પના ક્રમ ઉપર O ગોળ કરો.

૬. શેઠ કેવા હતા ?

A) લોભી

B) હોંશિયાર

C) દયાળુ

D) ઝઘડાળુ

૭. શેઠાણી શા માટે શેઠ પાછળ હાથમાં વેલણ લઈને દોડયા ?

A) શેઠાણીને ગુસ્સો આવ્યો હતો.

B) એ તો મહેમાનોને કાઢી મૂકવાની યુક્તિ હતી..

C) શેઠાણીને દોડવાનો શોખ હતો.

D) તે શેઠને ઘેર પાછા લાવવા માગતી હતી.

૮. **"શેઠ અને શેઠાણી બંને ઘેર પાછાં ફર્યાં."**

**આ વાક્યમાં ક્રિયા દર્શાવનાર પદ કયું છે ?**

A) શેઠ

B) ઘેર

C) બંને

D) પાછાં ફર્યાં

૯. **શેઠ બોલ્યા, "સારું થયું, આફત ટળી" આ વાક્યમાં આફત શબ્દ કોના માટે વપરાયો છે?**

A) શેઠ માટે

B) શેઠાણી માટે

C) મહેમાનો માટે

D) વેલણ માટે

૧૦. આ વાર્તામાં નીચે આપેલામાંથી શું સૌથી પહેલું બન્યું ?

A) મહેમાનો ઘેર આવ્યા


B) શેઠ, શેઠાણી ઉપર ગુસ્સે થયા

C) શેઠાણી, શેઠની પાછળ દોડયાં

D) મહેમાનો સૂઈ ગયા

## *ભાગ 3 – નીચે આપેલું ચિત્ર જુઓ.*

**નીચે આપેલા પ્રશ્નોનાં ઉત્તર આપવા માટે સાચા વિકલ્પના ક્રમ ઉપર O ગોળ કરો.**




૧૧. આ જાહેરાત શાના વિશે છે ?

A) બાળકોના સામયિક ફિરકી વિશે

B) બાળકો વિશે

C) ભેટ આપવા વિશે

D) વર્તમાનપત્ર વિશે

૧૨. ખાલી જગ્યામાં શું મુકાશે?

ફિરકી............ બાળકોની રચનાઓ માટે કેટલાંક પાનાં હોય છે..

A) માટે

B) માં

C) ની

D) થી

૧૩. ફિરકી બાલસામયિક કોને ભેટમાં આપવામાં આવે છે ?

A) જે સંપાદકને પત્ર લખે તેને

B) જે ફિરકી સામયિક ખરીદે છે તેને

C) જેના લેખ ફિરકી સામયિકમાં પ્રકાશિત થાય છે તેને

D) જે ભેટ મેળવવા ઈચ્છે તેને

**૧૪. "મારું પાનું"માં બાળકોના લેખ પ્રકાશિત કરવામાં આવે છે. આ જવાબ માટે નીચેનામાંથી સૌથી સાચો પ્રશ્ન કયો છે ?**

A) "મારું પાનું" ક્યાં હોય છે ?

B) "મારું પાનું"માં શું પ્રકાશિત કરવામાં આવે છે ?

C) "મારું પાનું" કોણ પ્રકાશિત કરે છે ?

D) "મારું પાનું" કોને કહે છે ?

૧૫. નીચે આપેલા શબ્દોમાંથી 'મોકલવું ' નો વિરોધી શબ્દ કયો છે ?


A) મેળવવું

B) શોધવું

C) ખરીદવું

D) ઈચ્છવું

૧૬. આપેલ ચિત્રનું અવલોકન કરો. તેમાં કીડી તેની કઈ વિશેષતાને લીધે ફળના ટુકડા સુધી પહોંચી શકે છે?



A) કીડીઓમાં સૂંઘવાની શક્તિ વધારે હોય છે.

B) કીડીઓ ખૂબ નાની હોય છે.

C) કીડીઓ સુગંધ પારખી શકતી નથી.

D) કીડીઓ કાળા રંગની હોય છે.

**૧૭. જમીન તથા પાણી બંનેમાં રહી શકે તેને ઊભયજીવી કહેવાય, તો નીચે પૈકી કયું સજીવ ઊભયજીવી છે?**


A) ખિસકોલી

B) માછલી

C) કબૂતર

D) કાચબો

**૧૮. ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે X,Y, અને Z ડબ્બાઓમાંથી કયા ડબ્બામાં સૌથી ઓછું વજન હશે?**




A) X

B) Y

C) Z

D) બધા જ ડબ્બામાં સમાન વજન છે.

૧૯. ગોપુ કુડાસણ ગામમાં રહે છે. આ ગામની વસતી ખૂબ ઓછી છે. ગામમાં કઈ સંસ્થા હશે?

A) મહાનગરપાલિકા

B) મામલતદાર કચેરી

C) નગરપાલિકા

D) ગ્રામપંચાયત

૨૦. નીચે એક કોયડો આપવામાં આવ્યો છે.

| | | |
|---|---|---|
| 1 | * | 3 |
| * | 2 | * |
| 3 | * | 1 |

નિયમ: દરેક આડી અને ઊભી લાઈનના આંકનો સરવાળો 6 થવો જોઈએ તો *ના સ્થાને કઈ સંખ્યા આવશે?

A) 1

B) 2

C) 3

D) 4

૨૧. નીચે આપેલ નકશામાં દર્શાવેલા શહેરોમાંથી કયું શહેર ભારતના દક્ષિણ ભાગમાં આવેલું છે?




A) દિલ્હી

B) મુંબઈ

C) ચેન્નાઈ

D) કલકત્તા

૨૨. કયા પ્રકારનું સંડાસ સ્વચ્છ અને સુરક્ષિત છે?

A) પાણીની સગવડ સાથે ખુલ્લા ખેતરમાં સંડાસ

B) પાણીની સગવડ વિનાનું સંડાસ

C) પાણીની સગવડવાળું સંડાસ

D) પાણીની સગવડ વિનાનું જાહેર સંડાસ

**૨૩. તમારા મિત્રને ઝાડા ઉલટી થયા છે. તેના માટે નીચેનામાંથી કયું કારણ જવાબદાર હશે?**


A) તેને ઘરનો તાજો ખોરાક ખાધો હશે.

B) તેણે ઘરમાં બનાવેલ મીઠાઈ ખાધી હશે.

C) તેણે ખુલ્લો-વાસી ખોરાક ખાધો હશે.

D) તેણે ઘરના શાક-રોટલી ખાધા હશે.

**૨૪. નીચે આપેલ ચિત્રનું અવલોકન કરો. કયા બીજની સ્થિતિ અંકુરણ માટે યોગ્ય છે?**




A) બીજ A

B) બીજ B

C) બીજ C

D) ઉપરનાં બધાજ

**૨૫. કપાસનું બીજ હલકું અને રેસાયુક્ત હોય છે. નીચેનામાંથી કયું પરિબળ તેનો ફેલાવો કરવામાં સૌથી વધુ મદદરૂપ બને છે?**

A) પવન

B) પાણી

C) પ્રાણીઓ

D) વનસ્પતિ

૨૬. તમે લોખંડની ખીલી અને પીંછું પાણીમાં નાખશો તો શું થશે?

A) લોખંડની ખીલી ડૂબી જશે અને પીંછું તરશે

B) લોખંડની ખીલી તરશે અને પીંછું ડૂબી જશે.

C) લોખંડની ખીલી અને પીંછું બંને તરશે

D) લોખંડની ખીલી અને પીંછુ બંને ડૂબી જશે.

**૨૭. જે બીજના ટુકડા કે ભૂકો કરવાથી તેલ નીકળતું હોય તેવા બીજને તેલીબિયાં કહે છે. નીચે આપેલ વિકલ્પોમાંથી તેલીબિયાં કયા છે?**


A) મગફળી

B) ઘઉં

C) વાલ

D) તુવેર

**૨૮. નીચે આપેલ ગ્રાફનું અવલોકન કરો. વર્ષ 2006 થી 2016 દરમ્યાન કયા બે બળતણના વપરાશમાં ઘટાડો થયો છે?**




A) લાકડું અને કેરોસીન

B) કેરોસીન અને કોલસો

C) લાકડું અને કોલસો

D) વિદ્યુત અને લાકડું

**૨૯. ઐતિહાસિક સ્મારકોની મુલાકાત સમયે કયુ વર્તન બરાબર ન ગણાય?**


A) ફોટો પાડવો

B) સૂચનાઓનું પાલન કરવું

C) પોતાનું નામ દીવાલ પર લખવું

D) કચરો કચરાપેટીમાં નાંખવો.

**૩૦. નીચેની આકૃતિમાં મીનાના પરિવારની માહિતી આપેલ છે. એના આધારે નીચેના પ્રશ્નનો જવાબ આપો.**




**રાકેશના લગ્ન થયા અને તેને એક પુત્ર થયો. રાકેશના દીકરાનો દીનાનાથ સાથે શું સંબંધ થશે?**

A) પૌત્ર

B) પુત્ર

C) ભાઈ

D) બનેવી

**૩૧. જો તમારા ઘરેથી શાળા 1 કિમી, હોસ્પિટલ 859 મીટર અને બજાર 1010 મીટરના અંતરે આવેલ છે તો તમારા ઘરથી સૌથી દૂરનું સ્થળ કયું છે?**


A) બજાર

B) હોસ્પિટલ


C) શાળા


D) ત્રણેય સરખા અંતરે છે.


૩૨. નીચે આપેલી ઘડિયાળ જુઓ.




આ ઘડિયાળમાં એક કલાક પહેલાં કેટલા વાગ્યા હશે?

A) 

B) 

C) 

D) 

૩૩. અહીં ત્રણ 2 પૈડાંવાળી સાયકલ અને ૨ ત્રણ પૈડાંવાળી સાયકલ છે. આ બધી સાયકલોનાં કુલ કેટલાં પૈડાં થશે?






A) 2

B) 3

C) 5

D) 12

૩૪. નીચે ટામેટાં અને બટાટાના ભાવો પ્રતિ કિગ્રા મુજબ આપેલ છે. તો 2 કિગ્રા ટામેટાં અને 3 કિગ્રા બટાટાના કુલ કેટલા રૂપિયા ચુકવવા પડશે?




A) રૂપિયા 31.00

B) રૂપિયા 52.00

C) રૂપિયા 44.00

D) રૂપિયા 75.00

૩૫. બગીચાના 100 ઝાડમાંથી $\frac{1}{5}$ ઝાડ વડનાં છે, તો બાકીનાં બીજાં ઝાડની સંખ્યા કેટલી હશે?

A) 20

B) 40

C) 80

D) 100

૩૬. નીચેનામાંથી ક્યો મૂળાક્ષર કાટખૂણા દર્શાવે છે?


A) E

C) Z

B) K

D) M

૩૭. તળાવમાં પાંચ બતક હતાં તેમાંથી ચાર ઉડી ગયાં. નીચેનામાંથી ક્યો અપૂર્ણાંક વધેલાં બતકોની સંખ્યા દર્શાવે છે?



A) $\frac{2}{5}$

B) $\frac{1}{5}$

C) $\frac{3}{5}$

D) $\frac{4}{5}$

૩૮. જો બધી જ ખુરશીઓની કિંમત સરખી હોય અને તેમાંથી તમે 9 ખુરશીઓના રૂપિયા 7605 ચુકવો છો તો દરેક ખુરશીની કિંમત કેટલી થાય?

A) રૂપિયા 845

B) રૂપિયા 854

C) રૂપિયા 7596

D) રૂપિયા 7614

૩૯. 999 સેમી અને 10 મીટર એ બંનેમાંથી વધારે કયું માપ વધું છે?




A) 999 સેમી

B) 10 મીટર

C) બંને સરખાં છે

D) કશું કહી ન શકાય

૪૦. ઉનાળુ વેકેશનમાં કનુ 50 પાનાં, સોનુ 75 પાનાં, મોનુ 35 પાનાં, રામુ 30 પાનાં અને ભોલુ 65 પાનાં વાંચે છે.

| વાંચેલ પાના | |
|---|---|
| કનુ |  |
| સોનુ |  |
| મોનુ |  |
| રામુ |  |
| ભોલુ | ? |

નીચેના વિકલ્પોમાંથી ભોલુએ વાંચેલ પાનાનો સાચો ઉત્તર કયો વિકલ્પ દર્શાવે છે?

A) 

B) 

C) 

D) 

૪૧. સમ અપૂર્ણાંક બનાવવા 36 ના છેદમાં નીચેના વિકલ્પમાંથી કયો વિકલ્પ પસંદ કરશો?

$$\frac{1}{2}=\frac{2}{4}=\frac{3}{6}=\frac{4}{8}=\frac{5}{10}=\frac{36}{?}$$

A) 6

B) 12

C) 18

D) 72

૪૨. આપેલ ચિપીયાના બે છેડા વચ્ચે કયો ખૂણો બને છે?



A) લઘુકોણ

B) ગુરુકોણ

C) કાટકોણ

D) સમરેખા

૪૩. 1350 ગ્રામ ખાંડ અને 750 ગ્રામ લોટના વજનનો કુલ સરવાળો કેટલો થશે?


A) 2 કિગ્રા કરતાં વધુ

B) 2 કિગ્રા

C) 2 કિગ્રાથી ઓછું

D) 1 કિગ્રા

૪૪. નીચે મુજબ ત્રિકોણીય ગોઠવણી કરતાં 10 પછી આગળની સંખ્યા કઇ હોય?



1, 3, 6, 10, ?

A) 11

B) 12

C) 14

D) 15

૪૫. નીચે આપેલી માહિતી મુજબ શાળાએ જવા માટે વિદ્યાર્થીઓ સૌથી વધુ કયા વાહનનો ઉપયોગ કરે છે?

| શાળાએ આવવા માટે વપરાશમાં લેવાતાં વાહનો | વિદ્યાર્થીઓની કુલ સંખ્યા |
|---|---|
| રિક્ષા | 125 |
| સાયકલ | 85 |
| સ્કૂટર | 48 |
| બસ | 132 |

A) રિક્ષા

B) બસ

C) સાયકલ

D) સ્કૂટર